પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૨૧૬ ● કુલ પાના : ૪ ● તારીખ : ૦૫-૦૫-૨૦૨૩ શુક્રવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


ગુજરાત સરકારનો મોટો નિર્ણય

## ખેડૂતો માટે કમોસમી વરસાદમાં પાક નુકસાની અંગે વિશેષ પેકેજ જાહેર

ગાંધીનગર,

ગુજરાત સરકારે ખેડૂતલક્ષી નિર્ણય જાહેર કર્યો છે. જેમાં સરકારે ખેડૂતો માટે કમોસમી વરસાદમાં પાક નુકસાની અંગે વિશેષ પેકેજ જાહેર કર્યું છે.ગુજરાત સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના ખેડૂતોના હિતમાં રાજ્ય સરકારે વધુ એક મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. માર્ચ મહિના દરમિયાન થયેલા કમોસમી વરસાદના કારણે રાજ્યના અનેક ખેડૂતોના પાકમાં નુકશાન જોવા મળ્યું હતું. રાજ્ય સરકારે આ બાબતને ગંભીરતાથી ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે જિલ્લાવાર સર્વેની કામગીરી પૂર્ણ કરી છે અને ખેડૂતો માટે અત્યારસુધીની સૌથી વધુ સહાય આપતું વિશેષ રાહત પેકેજ જાહેર કરવાનો નિર્ણય કર્યો છે.

ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને રાજ્ય મંત્રીમંડળની કેબિનેટ બેઠક મળી હતી. કેબિનેટ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે માહિતી આપતા પ્રવક્તા મંત્રીએ ઉમેર્યું હતું કે, રાજ્યના રાજકોટ, જૂનાગઢ, બનાસકાંઠા, અરવલ્લી, તાપી, પાટણ, સાબરકાંઠા, સુરત, કચ્છ, અમરેલી, જામનગર, ભાવનગર અને અમદાવાદ એમ ૧૩ જિલ્લાના ૪૮ તાલુકામાં પાક નુકશાની અંગેનો અહેવાલ મળ્યો હતો. જેમાં વહીવટી તંત્રએ કરેલા આંકલન તેમજ ખેડૂતો, ખેડૂત સંગઠનો અને જન પ્રતિનીધીઓની રજૂઆતો મળી હતી. આ રજૂઆતોના આધારે રાજ્ય સરકારે ખેડૂતોને મદદરૂપ થવા માટે એસડીઆરએફ ધોરણો ઉપરાંત ખાસ કિસ્સામાં રાજ્ય બજેટમાંથી ટોપ-અપ સહાય દરોમા અત્યાર સુધીનો સર્વોચ્ચ વધારો કરી વિશેષ રાહત જાહેર કરાઈ છે.

મંત્રીએ ઉમેર્યું હતું કે, ઘઉં, ચણા, રાઈ, કેળ, પપૈયાં વગેરે જેવા ખેતી અને વર્ષાયું બાગાયતી પાકો માટે જીહ્રઈહ્નના ધારાધોરણો મુજબ પ્રતિ હેક્ટર રૂપિયા ૧૩,૫૦૦ ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી અત્યાર સુધીની સૌથી વધુ એવી વધારાની રૂપિયા ૯૫૦૦ પ્રતિ હેક્ટર સહાય ગણતરીમાં લઈ કુલ રૂપિયા ૨૩,૦૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવી છે. જ્યારે આંબા, લીંબુ, જામફળ જેવા બહુવર્ષાયુ બાગાયતી પાકોમાં ૩૩ ટકા કે તેથી વધુ નુકશાનના કિસ્સામાં SDRFના નોર્મસ મુજબ પ્રતિ હેક્ટર મળવા પાત્ર રૂપિયા ૧૮,૦૦૦ ની સહાય ઉપરાંત રાજ્ય ભંડોળમાંથી રૂપિયા ૧૨,૬૦૦ પ્રતિ હેક્ટર વધારાની સહાય ગણતરીમાં લઈ કુલ રૂપિયા ૩૦,૬૦૦ પ્રતિ હેકટર લેખે ખાતાદીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય ચૂકવવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, જે કિસ્સામાં જમીન ધારકતાના આધારે કુલ સહાયની ચૂકવવાપાત્ર રકમ રૂપિયા ૪૦૦૦ કરતાં ઓછી હશે, તેવા કિસ્સામાં ખાતા દીઠ ઓછામાં ઓછી રૂપિયા ૪૦૦૦ની સહાય ચૂકવવામાં આવશે. જેમાં તફાવતની રકમ રાજ્યના બજેટમાંથી ચૂકવવામાં આવશે. આ પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ નિયત અરજી પત્રકના નમૂનામાં ગામ નમૂના નં.૮-અ, તલાટીનો વાવેતરનો દાખલો/ગામ નમૂના નં. ૭-૧૨ સહિતના જરૂરી સાધનિક પુરાવા સાથે તાલુકા વિકાસ અધિકારીને સંબોધાયેલ નિયત નમૂનામાં અરજી કરવાની રહેશે.

## ૬ મેની આસપાસ દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીની ઉપર એક ચક્રવાત આવી રહ્યું છે

નવીદિલ્હી,

ભારત હવામાન વિજ્ઞાન વિભાગ (આઈએમડી)એ ચક્રવાતી તોફાનને લઈને નવી અપડેટ આપી છે. આઈએમડીએ કહ્યું કે ૬ મેની આસપાસ દક્ષિણ-પૂર્વ બંગાળની ખાડીની ઉપર એક ચક્રવાત બનાવાથી અને તેના પરિણામે આગામી ૪૮ કલાકમાં ઓછા વાયુ દબાણનું ક્ષેત્ર વિકસિત થવાની શક્યતા છે. વર્ષ ૨૦૨૩ના પહેલા ચક્રવાતી તોફાનના મે મહિનામાં આવવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

આઈએમડી પ્રમાણે ૬ મેના રોજ બંગાળની ખાડી પર ચક્રવાત બનવાની શક્યતા છે. આને લઈને આઈએમડીના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું, "કેટલીક પ્રણાલીઓએ આના એક ચક્રવાત હોવાનું પૂર્વાનુમાન જણાવ્યું છે. અમે નજર રાખી રહ્યા છીએ. નિયમિત રીતે અપડેટ આપવામાં આવશે." તો પૂર્વાનુમાન બાદ, ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે અધિકારીઓને કોઈપણ ઘટના માટે તૈયાર રહેવા માટે કહ્યું છે.

હકિકતે આંતરરાષ્ટ્રીય હવામાન વૈજ્ઞાનિકોએ મેના બીજા અઠવાડિયામાં ચક્રવાત તોફાનની શક્યતા દર્શાવી છે. હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે આ અઠવાડિયાના અંત સુધી દક્ષિણ બંગાળની ખાડી પર એક ઓછા દબાણનું ક્ષેત્ર બની શકે છે. વૈજ્ઞાનિકોએ કહ્યું કે ઓછા દબાણના ચક્રવાતી તોફાનનું સ્વરૂપ લેવાની શક્યતા પ્રબળ છે. આ ચક્રવાતની અસર પૂર્વ ભારતથી લઈને બાંગ્લાદેશ અને મ્યાંમાર સુધી રહેવાની શંકા છે.

જો અધિકારિક રીતે પુષ્ટિ કરવામાં આવે છે તો વિશ્વ હવામાન વિજ્ઞાન સંગઠન અને એશિયા અને પ્રશાંત માટે સંયુક્ત રાષ્ટ્રના આર્થિક અને સામાજિક આયોગના સભ્ય દેશો તરફથી સ્વીકારવામાં આવનારી નામકરણ પ્રણાલી હેઠળ ચક્રવાતનું નામ હ્નમોચાહ્ન હશે. યમને લાલ સાગર તટ પર એક બંદરગાહ શહેર હ્નમોચાહ્નના નામે આ ચક્રવાતના નામની સલાહ આપી હતી. ચક્રવાતને લઈને ઁરદ્બની ભવિષ્યવાણી બાદ ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે મંગળવારે એક ઉચ્ચસ્તરીય બેઠકની અધ્યક્ષતા કરી ચક્રવાતનો સામનો કરવા માટેની તૈયારીઓની સમીક્ષા કરી અને અધિકારીઓને કોઈપણ પરિસ્થિતિ માટે તૈયાર રહેવા માટે કહ્યું.

## છત્તીસગઢમાં માર્ગ અકસ્માત, ૧૧ લોકોના મોત : તમામ મૃતકો એક જ પરિવારના

કાંકેર,

છત્તીસગઢના બાલોદ જિલ્લામાં બુધવારે મોડી રાત્રે NH-30 પર એક ભયાનક માર્ગ અકસ્માતમાં ૧૧ લોકોના મોત થયા છે. આ તમામ લોકો એક જ પરિવારના છે, જેઓ બોલેરોમાં લગ્ન પ્રસંગમાં જઈ રહ્યા હતા. રસ્તામાં જાગતરા ગામ પાસે ટ્રકે કારને ટક્કર મારી હતી. જેના કારણે તમામના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ઘાયલ દોઢ વર્ષની બાળકીનું રાયપુર લઈ જતી વખતે મોત થયું હતું.

મળતી માહિતી મુજબ, ધમતરી જિલ્લાના સોરેમ ગામનો સાહુ પરિવાર કાંકેર જઈ રહ્યો હતો. બુધવારે રાત્રે ૯.૩૦ વાગ્યાના સુમારે તેમની બોલેરો કાર નેશનલ હાઈવે-૩૦ પર બાલોદના જાગતરા પાસે પહોંચ્યું હતું. આ દરમિયાન સામેથી આવતી ટ્રકે બોલેરોને



ટક્કર મારી હતી. જેમાં એક બાળકી, ૫ મહિલાઓ અને ૪ પુરૂષોના ઘટનાસ્થળે જ મોત થયા હતા. ફરાર ટ્રક ચાલકની શોધખોળ ચાલુ છે.

ઘટના બાદ હાઈવે પરથી પસાર થઈ રહેલા લોકોની સૂચના પર પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યારબાદ તમામને પોસ્ટમોર્ટમ માટે મોકલી દેવામાં આવ્યા છે. તેમજ ઈજાગ્રસ્ત યુવતીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાંથી તેની હાલત જોતા તેને રાયપુર રિફર કરવામાં આવી હતી, પરંતુ રસ્તામાં જ તેનું મોત થયું હતું.મૃતકોના નામ ધરમરાજ સાહુ,ઉષાબાઈ સાહુ,કેશવ સાહુ, તોમીન બાઈ સાહુ, લક્ષ્મીબાઈ સાહુ,મિસ રામા સાહુ,શૈલેન્દ્ર સાહુ,સંધ્યા સાહુ,ઈશાંત સાહુ,ડ્રાઈવર દમેશ ધ્રુવ અને યોગાંશ સાહુનો સમાવેશ થાય છે

તમામ મૃતદેહોને ધમતારી જિલ્લાના ગુરૂરના સાઉદી ખાતે રાખવામાં આવ્યા છે. અહીંથી જરૂરી કાયદાકીય કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી રહી છે. ટૂંક સમયમાં તમામ મૃતદેહોને પોસ્ટમોર્ટમ બાદ તેમના વતન ગામ મોકલી દેવામાં આવશે. એસપી ડો. જિતેન્દ્રએ જણાવ્યું કે ઘટનાની તપાસ માટે એક વિશેષ ટીમ બનાવવામાં આવી છે. ફરાર ટ્રક ચાલકની વહેલી તકે ધરપકડ કરવામાં આવશે.મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે દુર્ઘટના પર શોક વ્યક્ત કર્યો છે. તેણે મોડી રાત્રે ટ્વિટ કર્યું અને લખ્યું- ભગવાન અકસ્માતમાં મૃત્યુ પામેલા આત્માઓને શાંતિ આપે અને તેમના પરિવારજનોને હિંમત આપે.

## હવે ઉત્તરાખંડમાં ધરા ધ્રુજી: ચમોલી અને રુદ્રપ્રયાગમાં ભૂકંપના આંચકા અનુભવાયા

ચમોલી,

ઉત્તરાખંડમાં ફરી એક વખત ધરા ધ્રુજતા લોકોમાં ભય ઉભો થયો છે. આજે સવારે લગભગ ૯:૫૨ વાગ્યે ચમોલી અને રુદ્રપ્રયાગ જિલ્લામાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ડરના કારણે લોકો પોતાના ઘર, ઓફિસ અને દુકાનમાંથી બહાર નીકળી આવ્યા હતા. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૩.૩ આંકવામાં આવી છે. જોકે, હજુ કોઈ જાનહાનિના અહેવાન નથી મળ્યા.

ઉત્તરાખંડ રાજ્ય ભૂકંપની દ્રષ્ટિએ ખૂબ જ સંવેદનશીલ છે. રાજ્યના ઘણા જિલ્લા ભૂકંપની દષ્ટિએ ઝોન ચાર અને પાંચમાં આવે છે. આ જ કારણ છે કે, આ જિલ્લાઓમાં વારંવાર ભૂકંપના આંચકા અનુભવાય છે.

આજે સવારે મ્યાનમારમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા પ્રમાણે રિએક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૪.૨ મપાઈ હતી. ભૂકંપના આંચકા ભારે હતા પણ તેનાથી કોઈ જાનહાનિના અહેવાલ અત્યાર સુધી આવ્યા નથી.

## સતત વધતી ચોરીની ઘટનાથી પ્રજા પરેશાન, અમદાવાદની સેટેલાઈટ પોલીસ વિરુદ્ધ બેનર લાગ્યા

અમદાવાદ,

અમદાવાદમાં દિવસે દિવસે ચોરીના બનાવ વધી રહ્યા છે. ખાસ કરીને સેટેલાઇટ વિસ્તારમાં ચોરીની ઘટનાઓ વધતી જઈ રહી છે. ત્યારે ચોરીના બનાવમાં કોઈ કાર્યવાહી નહીં થતાં અમદાવાદની સેટેલાઈટ પોલીસ વિરુદ્ધ બેનર લાગ્યા છે. સેટેલાઈટ વિસ્તારમાં વ્રજવિહાર ૫ અને રત્નદીપ કોમ્પલેક્ષમાં સ્થાનિકોએ બેનર લગાવી પોલીસની કામગીરી પર સવાલ ઉઠાવ્યા હતા. પોલીસ પેટ્રોલિંગની વાતો માત્ર કાગળ પર બેનરમાં ઉલ્લેખ કરાયો હતો.

સેટેલાઈટ વિસ્તારમાં છ મહિનામાં આઠ દુકાનોના તાળા તૂટવામાં કોઈ કાર્યવાહી નહીં થતાં સ્થાનિકો પોલીસની કામગીરીથી નારાજ છે. પોલીસે કામગીરી નહીં કરતા ચોરને મોકળું મેદાન મળ્યું હોવાના આરોપ ઉઠયા છે. ક્યાંક રોકડ રકમની ચોરી તો ક્યાંક દુકાનોમાં રહેલી વસ્તુઓની ચોરી થઈ હતી. અનેક રજૂઆત છતાં ચોર ટોળકી નહીં પકડાતા સ્થાનિકોએ સેટેલાઈટ પોલીસ સામે વિરોધ નોંધાવ્યો. સેટેલાઈટ જેવા પોશ વિસ્તારમાં પોલીસની નિષ્ક્રિયતાના કારણે ચોરીના બનાવ વધ્યા હોવાના સ્થાનિકોએ આરોપ લગાવ્યા હતા.

## 'બેટી બચાવો માત્ર ઢોંગ': જંતર-મંતરની ઘટના પર રાહુલ ગાંધીની પ્રતિક્રિયા

નવીદિલ્હી,

જંતર-મંતર પર કુસ્તીબાજો સાથે પોલીસના ઘર્ષણ મુદ્દે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ બીજેપી પર પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું કે, દેશના ખેલાડીઓ સાથે આવું વર્તન ખૂબ જ શરમજનક છે. 'બેટી બચાવો માત્ર ઢોંગ' છે. હકીકત તો એ છે કે, ભાજપ ભારતની દીકરીઓ પર અત્યાચાર કરવાથી ક્યારેય પાછળ નથી હટતી.

બુધવારે મોડી રાત્રે રેસલિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ બ્રિજભૂષણ શરણ સિંહ વિરુદ્ધ કાર્યવાહીની માગણી સાથે દિલ્હીના જંતર-મંતર પર ધરણા કરી રહેલા કુસ્તીબાજો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયું હતું. કુશ્તીબાજોનો આરોપ છે કે, વરસાદને કારણે તેઓએ ફોલ્ડિંગ બેડ મગાવ્યા હતા. પોલીસ ધરણાં સ્થળ પર પહોંચે તે પહેલા આ બેડને અટકાવ્યા હતા. આ દરમિયાન પોલીસ અને દેખાવકારો વચ્ચે ઝપાઝપી થઈ ગઈ હતી. કુસ્તીબાજોએ પોલીસ પર હુમલો કરવાનો અને ગેરવર્તન કરવાનો આરોપ લગાવ્યો છે.

કુસ્તીબાજોનું કહેવું છે કે, વરસાદને કારણે ધરણાની જગ્યા પર પાણી ભરાઈ ગયા હતા જેના કારણે તેમણે ફોલ્ડિંગ બેડ મંગાવ્યા હતા પરંતુ દિલ્હી પોલીસે તેમને લાવવાની મંજૂરી આપી ન હતી. ખેલાડીઓનો આરોપ છે કે, દિલ્હી પોલીસના એસીપીએ પોલીસકર્મીઓ સાથે મળીને ખેલાડીઓ પર હુમલો કર્યો હતો.

## જમ્મુ કાશ્મીરમાં ૧૬ સ્થળોએ NIAના દરોડા

શ્રીનગર,

નેશનલ ઈન્વેસ્ટિગેટિંગ એજન્સી (એનઆઈએ) એ સમગ્ર જમ્મુ-કાશ્મીરમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા. ટેરર ફંડિંગ કેસમાં ચાલી રહેલી તપાસના સંદર્ભમાં અનેક સ્થળોએ એનઆઈએના દરોડા પાડ્યા છે. બારામુલ્લામાં ૧૧ અને કિશ્તવાડમાં ૫ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. પ્રતિબંધિત જમાત એ ઈસ્લામિયા સાથે જોડાયેલા લોકો અને આતંકવાદ સાથે સંકળાયેલા લોકોના ઘરોની તપાસ કરવામાં આવી રહી છે.

એનઆઈએ દ્વારા ૨ મેના રોજ પણ આ જ પ્રકારે દરોડા પાડવામાં આવ્યા હતા. નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સીએ પાકિસ્તાન સમર્થિત આતંકવાદી ષડયંત્રના કેસની તપાસ માટે ૨ મેના રોજ જમ્મુ અને કાશ્મીરમાં ૧૨ સ્થળો પર દરોડા પાડ્યા હતા. જેમથી ૧૧ સ્થાનો કાશ્મીર ખીણમાં હતા. પુલવામા જિલ્લામાં આઠ, અને કુલગામ, અનંતનાગ અને બડગામ જિલ્લામાં એક-એક – જમ્મુના પુંછ જિલ્લામાં એક આમ વિવિધ વિસ્તારોમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

"ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ, યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ જમ્મુ અને કાશ્મીર, મુજાહિદીન ગઝવત-ઉલ-હિંદ,જમ્મુ અને કાશ્મીર ફ્રીડમ ફાઈટર્સ કાશ્મીર વાઘ, પીપલ્સ એન્ટી ફાસીસ્ટ ફ્રન્ટ જેવા વિવિધ ઠેકાણાં ઉપર એનઆઈએ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

## રાજસ્થાનના ૮ જિલ્લામાં જળસંકટ સર્જાશે

જયપુર,

૬ મેથી રાજસ્થાનના આઠ જિલ્લામાં જળ સંકટ સર્જાઈ શકે છે. સંકટ એટલું મોટું છે કે પોલીસને ઈન્દિરા ગાંધી કેનાલ પર તૈનાત રહેવાની સૂચના આપવામાં આવી છે. જળસંકટના કારણે ગામડાઓમાં સ્થિતિ સૌથી વધુ વિકટ બનશે. જે ૬ જૂન સુધી રહેશે.

વાસ્તવમાં ઈન્દિરા ગાંધી કેનાલની સફાઈ અને સમારકામ માટે વાર્ષિક કેનાલ બંધ થવાના કારણે છેલ્લા કેટલાક દિવસોમાં કામ થઈ શક્યું નથી. હવે ૬ મેથી તેની અસર દેખાવા લાગશે. બિકાનેર સહિત પશ્ચિમ રાજસ્થાનના મોટાભાગના જિલ્લાઓને ૫ મે સુધી જ કેનાલમાંથી પાણી મળશે. આ પછી સંગ્રહિત પાણીમાંથી જ પાણી પુરવઠો કરવાનો રહેશે. બિકાનેરમાં, સિસ્ટમ ૬ મેથી જ ખરાબ થવાની તૈયારીમાં છે, જ્યારે અન્ય જિલ્લાઓમાં તેની અસર એક-બે દિવસ પછી દેખાવાનું શરૂ થશે.

વાસ્તવમાં પંજાબમાં કેનાલના સમારકામ માટે બુધવારે હરિકે બેરેજમાંથી પાણી સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યું છે. જેના કારણે પંજાબની સાથે રાજસ્થાનમાં પણ પાણી આવી રહ્યું નથી. માત્ર પહેલેથી જ વહેતું પાણી આગળ પહોંચી રહ્યું છે, જે ધીમે ધીમે બંધ થશે. હવે ૩૦ જૂને હરિકે બેરેજમાંથી પાણી છોડવામાં આવશે. જે માત્ર ૫ જૂન સુધી ઈન્દિરા ગાંધી કેનાલના બિકાનેર, જોધપુર, બાડમેર, જેસલમેર ભાગ માટે ઉપલબ્ધ રહેશે.

ઈન્દિરા ગાંધી કેનાલ બંધી બે ભાગમાં કરવામાં આવે છે. પહેલા સિંચાઈ માટે પાણી બંધ કરવામાં આવે છે. આ વખતે સિંચાઈનું પાણી ત્રીસ દિવસ પહેલા બંધ થઈ ગયું છે. ત્યારબાદ પીવાનું પાણી બંધ કરી દેવામાં આવે છે. હવે બુધવારથી પીવાનું પાણી બંધ થઈ ગયું છે.

આ દરમિયાન રિપેરિંગ કામ રાજસ્થાનમાં ઓછું અને પંજાબમાં વધુ થાય છે. નહેરમાં પાણી ન હોવાના કિસ્સામાં, મોટાભાગના કાંપ (માટી અને કાંપ)નું કામ રાજસ્થાનમાં કરવામાં આવે છે, જ્યારે પંજાબમાં, કેનાલ રિલાઈનિંગ કરવામાં આવે છે. આ વખતે પણ આરડી ૪૦૦ હેઠળ જ કામ ચાલી રહ્યું છે.

## બારામુલ્લામાં સુરક્ષા દળોએ બે આતંકવાદીઓને ઠાર કર્યા

શ્રીનગર,

જમ્મુ-કાશ્મીરના બારામુલા જિલ્લામાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. પોલીસે આ અંગે માહિતી આપી છે. ગુરુવારે વહેલી સવારે બારામુલ્લાના વાનીગામ પાયેન ક્રિરી વિસ્તારમાં આતંકવાદીઓ સાથે અથડામણ શરૂ થઈ હતી. વાસ્તવમાં, સુરક્ષા દળોને બાતમી મળી હતી કે આ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયા છે. આ પછી, સુરક્ષા દળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો અને ત્યાં સર્ચ ઓપરેશન શરૂ કર્યું. શોધખોળ દરમિયાન જ એન્કાઉન્ટર શરૂ થયું હતું.

કાશ્મીર ઝોન પોલીસે જણાવ્યું છે કે, બારામુલા એન્કાઉન્ટરમાં બે આતંકવાદીઓ માર્યા ગયા છે. આ આતંકીઓની ઓળખ કરવામાં આવી રહી છે. માર્યા ગયેલા આતંકવાદીઓ પાસેથી એક છદ્ભ ૪૭ રાઈફલ અને એક પિસ્તોલ મળી આવી છે. આ ઉપરાંત તેમની પાસેથી વાંધાજનક સામગ્રી, હથિયારો અને દારૂગોળો પણ મળી આવ્યો છે. હાલમાં આ વિસ્તારને ચારે બાજુથી કોર્ડન કરી લેવામાં આવ્યો છે અને કોઈને પણ અવર-જવર કરવા દેવામાં આવી રહી નથી. આ વિસ્તારમાં સુરક્ષાદળોની હાજરી પણ વધારી દેવામાં આવી છે. એડીજીપી કાશ્મીરે જણાવ્યું કે માર્યા ગયેલા બંને આતંકવાદીઓ સ્થાનિક છે. આ બંને આતંકીઓ લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલા હતા. માર્યા ગયેલા આતંકવાદીઓની ઓળખ શાકિર માજિદ નઝર અને હનાન અહેમદ શેહ તરીકે થઈ છે. આ બંને શોપિયાંના રહેવાસી છે. બંને માર્ચ ૨૦૨૩માં આતંકવાદી ગતિવિધિઓમાં સામેલ હતા. પોલીસના જણાવ્યા અનુસાર જ્યારે સુરક્ષાદળો સર્ચ ઓપરેશન માટે વિસ્તારમાં પહોંચ્યા તો આતંકીઓ તેમને જોઈને ડરી ગયા. તેઓએ સુરક્ષા દળો પર ગોળીબાર શરૂ કર્યો. આ પછી સુરક્ષા દળોએ જવાબી કાર્યવાહી કરીને આતંકીઓને ઠાર કર્યા હતા. આતંકીઓ પાસેથી મોટી માત્રામાં હથિયારો મળી આવ્યા છે. કાશ્મીર ઝોન પોલીસે ટ્વીટ કરીને આતંકવાદીઓની હત્યા અને તેમની પાસેથી હથિયારો મળી આવવાની માહિતી આપી હતી. હાલમાં પરિસ્થિતિને સ્થિર કરવા માટે આ વિસ્તારમાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવ્યા છે. બુધવારે જમ્મુ-કાશ્મીરના કુપવાડામાં પણ બે આતંકવાદીઓ માર્યા ગયા હતા. એન્કાઉન્ટર બાદ સુરક્ષાદળોએ આતંકીઓને ઠાર કર્યા હતા. સંરક્ષણ જનસંપર્ક અધિકારી શ્રીનગરે જણાવ્યું કે એસએસપી કુપવાડાએ માહિતી આપી હતી કે આ વિસ્તારમાં આતંકવાદીઓ છુપાયેલા છે. તેમણે એ પણ માહિતી આપી હતી કે એલઓસી દ્વારા આતંકવાદી લોન્ચ પેડ દ્વારા ઘૂસણખોરી કરવામાં આવી રહી છે. આ જ કારણ હતું કે સેનાના જવાનો ૧ મેથી એલર્ટ મોડમાં હતા.

## અરુણાચલમાં સૈન્યએ કર્યો 'બુલંદ ભારત' યુદ્ધાભ્યાસ, બોફોર્સ-પિનાક સાથે ચીન સામે શક્તિપ્રદર્શન કર્યું

ઈટાનગર,

પાડોશી દેશ ચીન સાથે લદ્દાખથી માંડીને અરુણાચલ પ્રદેશની સરહદ સુધી તણાવની સ્થિતિ વચ્ચે ભારતીય સૈન્યએ મોટો યુદ્ધાભ્યાસ કર્યો હતો. ભારતીય સૈન્યના આ યુદ્ધાભ્યાસમાં બોફોર્સ તોપ, મોર્ટાર અને લોન્ગ રેન્જની બંદૂકોનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત અનેક અન્ય ભારે હથિયારો પણ ચીનની સરહદે ગરજ્યા હતા. બુલંદ ભારત નામે કરાયેલા ભારતના આ સૈન્ય અભ્યાસે ચીનને તેની સરહદે જ પડકાર્યો છે જેણે ગત દિવસોમાં અરુણાચલ પ્રદેશના ૧૧ વિસ્તારોના નામ બદલવાની કોશિશ કરી હતી.

ઉલ્લેખનીય છે કે ચીન અરુણાચલ પ્રદેશને તવાંગ નામે ઓળખાવે છે અને તેને તિબેટનો હિસ્સો ગણાવી તેના પર દાવો કરે છે. ચીન સાથે ભારતની ૩૪૮૮ કિ.મી. લાંબી સરહદ છે. જેના પર બંને દેશોના સૈનિકો મોટી સંખ્યામાં તહેનાત રહે છે. ૪ વર્ષ પહેલા પૂર્વ લદ્દાખમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે અથડામણ થઈ હતી અને ત્યારથી તણાવની સ્થિતિ જોવા મળી રહી છે.

ભારતના આ જોરદાર યુદ્ધાભ્યાસને શક્તિપ્રદર્શન તરીકે જોવામાં આવી રહ્યું છે. ભારતીય સૈન્યએ તેના અભ્યાસમાં બોફોર્સ તોપ ઉપરાંત ધનુષ અને સારંગ જેવી અત્યાધુનિક લોન્ગ રેન્જની બંદૂકોનો પણ ઉપયોગ કર્યો હતો. આટલું જ નહીં મલ્ટી લોન્ચ રોકેટ સિસ્ટમ પિનાકે પણ શક્તિ પ્રદર્શન કર્યું હતું. ઉલ્લેખનીય છે કે ચીને અત્યાર સુધી આ સૈન્ય અભ્યાસ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી. અગાઉ મહિના પહેલા અરુણાચલ પ્રદેશમાં સૈનિકોને લાંબી ટ્રેનિંગ અપાઈ હતી અને હવે આ યુદ્ધાભ્યાસ કરાયો છે.


અભિનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
ધી રામપુર (ક) અર્થ સેવા સહ મંડળી
તરફથી અભિનંદન....
મુ. માતરીયા (વેજમા),
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

અભિનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
બી. બી. પટેલ
તરફથી અભિનંદન....
મુ. ખાબડા-માતરીયા વાડી,
તા. મોરવા(હ),
જી. પંચમહાલ

**મહિસાગર આવૃત્તિ**
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા
**પંચમહાલ સમાચાર**

# લુણાવાડા પાસે માં નાગેણશ્વરી માતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠામાં સી.આર.પાટીલએ હાજરી આપી





લુણાવાડા, માં નાગેણશ્વરી માતાજીના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા: સી.આર.પાટીલે કહ્યું સત્તામાં આવ્યા પછી સાંસદ રતનસિંહે મંદિર બનાવડાવ્યું છે, તેઓ પ્રામાણિકતાથી કામ કરશે કારણ કે હવે કુળદેવી જોઈ રહી છે.

પંચમહાલ લોકસભા બેઠકના સાંસદ રતનસિંહ રાઠોડે તેમના વતન મહીસાગર લુણાવાડા તાલુકાના લકડીપોયડા ગામ ખાતે કુળદેવી માં નાગેણશ્વરી માતાજીનું ભવ્ય મંદિર નિર્માણ કર્યું છે. જેનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ગઈકાલે યોજાયો હતો. જેમાં ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે વિશેષ ઉપસ્થિત રહી માતાજીના દર્શનનો લાભ લઈ આરતી ઉતારી હતી. ધર્મમાં શ્રદ્ધાએ લોકોની સેવા કરવાના સંસ્કાર આપે છે, ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલે કાર્યક્રમમાં ઉપસ્થિતિ આપતા જણાવ્યું હતું કે, કોઈ કાર્યકર્તા જ્યારે મંદિરની પ્રાણપ્રતિષ્ઠા કરાવે છે, ત્યારે ચોક્કસ પણે એ વ્યક્તિમાં વિશ્વાસ કરી શકાય છે. કેમ કે કોઈ જ્યારે સત્તા પર આવે છે, ત્યારે એને આવું લાગે છે કે હું જ શક્તિશાળી છું મારે કોઈની જરૂર નથી. પરંતુ સત્તામાં આવ્યા પછી પણ એ ધર્મમાં શ્રદ્ધા રાખે, મંદિરની સ્થાપના કરાવે પ્રતિષ્ઠા કરાવે એજ બતાવે છે કે એને ધર્મમાં શ્રદ્ધા છે અને એ કોઈપણ કામ કરશે ત્યારે પ્રમાણિકતાથી કરશે. એના મનમાં એક ડર હશે, હું અનીતિ પર ન જાઉં નીતિ પર ચાલુ, જો હું અનીતિ કરીશ તો મને સજા મળશે, મારી કુળદેવી એ મને જોઈ રહી છે એ ભાવના જ્યારે હશે. ત્યારે એ ક્યાંય પણ અનીતિ નહીં કરે એના કારણે એના વિસ્તારના લોકો માટે ખૂબ સારું એ કામ કરશે. રતનસિંહજી ખૂબ સરળ વ્યક્તિત્વ છે અને તેમાં મંદિરમાં કુળદેવી માતાનો પ્રાણપ્રતિષ્ઠાકરીને આ ભવ્ય કાર્યક્રમ કરીને એમણે સાબિત કર્યુ છે કે એમને ધર્મમાં શ્રદ્ધા છે અને ધર્મમાં શ્રદ્ધાએ લોકોની સેવા કરવાના કાર્યમાં એ શક્તિ આપે છે.સંતો રાજકીય નેતાઓ અને અધિકારીઓ હાજર રહ્યાં.

આ અવસરે વિવિધ સંતો મહંતો, રાજ્યના શિક્ષણ મંત્રી ડો. કુબેર ડીંડોર, દાહોદના સાંસદ, સાબરકાંઠાના સાંસદ, આણંદના સાંસદ, પાટણના સાંસદ સહિત વિવિધ વિધાનસભાનાધારાસભ્યો, મહીસાગર પંચમહાલ જિલ્લા ભાજપ પ્રમુખ, મહામંત્રીઓ, તાલુકા પ્રમુખ, પંચમહાલ રેન્જ આઈ.જી. જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ સહિત પદાધિકારીઓ હોદ્દેદારો ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ મહોત્સવમાં મૂર્તિ પ્રાણ પ્રતિષ્ઠા ધ્વજારોહણ રાસગરબા સહિત વિવિધ કાર્યક્રમ યોજાયા હતા અને પ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# લુણાવાડાની સમીર હોસ્પિટલ પાસે ગાડીના ડ્રાઈવરને ઝોંકુ આવતાં અકસ્માત સર્જાયો



લુણાવાડા, મહીસાગર જિલ્લાના લુણાવાડા શહેર માંથી પસાર થતા હાલોલ-શામળાજી હાઈવે પર આજે અકસ્માતની ઘટના બની છે. વાપી તરફથી રાજસ્થાન તરફ એક મારૂતિ અર્ટીગા લઈને જઈ રહેલા પરિવારને અકસ્માત નડ્યો છે. હાલોલ-શામળાજી હાઈવે માર્ગ પર ગોધરા તરફથી મોડાસા તરફના રોડ પર જતા લુણાવાડાની સમીર સર્જિકલ હોસ્પિટલ પાસે આ ઘટના બની છે. પ્રાથમિક માહિતી મુજબ, ગાડીના ચાલકને ઝોંકું આવી જતા હોસ્પિટલની દીવાલે ધડાકાભેર કાર ભટકાઈ હતી અને તુરંત જ આસપાસના લોકો ભેગા થઇ ગયા હતા. જ્યાં લોકોએ કારમાંથી તમામ લોકોને બહાર કાઢ્યા હતા. બીજી તરફ અકસ્માતના પગલે ટ્રાફિકજામ પણ થયો હતો. જેથી ટ્રાફિક પોલીસે ઘટનાસ્થળે પહોંચી ટ્રાફિકજામને દૂર કર્યો હતો. જ્યારે ઈજાગ્રસ્ત પરિવારને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયો હતો. કારમાં નાની બાળકી સહિત પાંચ લોકો સવાર હતા. ત્યારે સદ્દનસીબે સમગ્ર પરિવારનો આબાદ બચાવ થયો છે અને નાની મોટી ઈજાઓ પહોંચી છે. લુણાવાડા શહેરની સમીર સર્જિકલ હોસ્પિટલ પાસે આગાઉ પણ અકસ્માત સર્જાયા છે. પહેલા પણ આજ જગ્યા પર ટ્રક અથડાઈ હતી અને દીવાલને નુકસાન પહોંચ્યું હતું. ત્યારે ફરી એકવાર આજ સ્થળે કાર ભટકાતા હોસ્પિટલના દરવાજા પાસેની દીવાલ તૂટી ગઈ છે. જ્યારે મારૂતિ આર્ટીગાના કારને પણ આગળની બાજુ બોનેટને નુકશાન પહોચ્યું છે. જ્યારે આગળનું એક વ્હિલ પણ બેન્ડ વળીને તૂટી ગયું. જ્યારે આગળની બંને એર બેગ પણ ખુલી ગઈ હતી. જેથી ચાલક અને બાજુમાં બેસેલ વ્યક્તિને વધુ ઈજાઓ માંથી બચાવ્યા છે.

# ઝાલોદ તાલુકાના વરોડ મુકામે આવેલાં ટોલ ટેક્સ પર રોડની સર્વિસ સારી ન હોવા છતાય રાહદારીઓને ભરવો પડતો ટોલ ટેક્સ

ઝાલોદ, ઝાલોદ તાલુકાના વરોડ મુકામે છેલ્લા ઘણા સમયથી ટોલ મેનેજરને અને હાઈવે ઓથોરીટીને લેખિત અને ટેલીફોનીક રીતે રજૂવાત કરવા છતાય આ રોડને નવિન બનાવવામાં આવી રહ્યો નથી. સરકારી ટેન્ડર ભરી ટોલ વસૂલનાર ફક્ત ટોલ ટેક્સ ઉઘરાવે છે અને રોડ ને લઈ સરકારનું અલગ ડિપાર્ટમેંટ છે. આ બંને અલગ હોવાથી રસ્તાની ખરાબ હાલત હોવા છતાય આવતા જતા મુસાફરોને ટોલ ટેક્સ ભરવો પડે છે.

બાંસવાડા થી લીમડી જતા બાયપાસ તેમજ લીમડી થી બાંસવાડા જતા બાયપાસ પર વરોડ મુકામે ટોલ ટેક્સ આવેલ છે. આ રોડ પર જવાબદાર તંત્ર દ્વારા બે જવાબદારી રીતે રોડની સારી સર્વિસ આપવામાં આવતી નથી છતાંય અહીંથી અવર જવર કરતા મોટા વાહનોને ટોલ ટેક્સ ભરવો પડે છે. તો કહી શકાય કે શું ટોલના રૂપે જવાબદાર તંત્ર દાદાગીરી પૂર્વક કાયદેસર રીતે મુસાફરોના ખિસ્સા કાપી રહ્યું છે કે શું.....? આવા સવાલો આ ટોલ રોડ પર થી અહીંથી નીકળનાર મુસાફરો કરતા હોય છે પણ સરકારી ટેન્ડર હેઠળ ટોલ ટેક્સ હોવાથી સુવિધા વગર પણ ટોલ ટેક્સ તો ભરવો પડે છે. અહીંથી નીકળનાર મુસાફરોને ટોલ ટેક્સ ભરતા મુસાફરોમાં નારાજગી પણ થતી હોય છે.

જવાબદાર તંત્ર દ્વારા રોડ ન સુધારાતા ઘણી વખત રોડ ની ખરાબ હાલતને લીધે ગંભીર અકસ્માતો પણ સર્જાયેલ છે અને કેટલીય વાર અકસ્માતોમાં અમુક મુસાફરોની મૃત્યુ પણ થયેલ છે,આના માટે જવાબદાર કોણ....? રોડ પર ખાડાઓ તેમજ ઝીણી કાંકરીઓ પણ પડેલ હોય છે, તેના લીધે પણ અકસ્માતો સર્જાય છે. તેમજ રોડ પરના ખાડા પણ રોડની ચાડી ખાતા હોય છે. જવાબદાર અધિકારીઓ રોડને બનાવવામાં જરાય રસ નથી, તો અહીંના રાહદારીઓનું માનવું છે કે આ રોડ હાઈવે જેવી કોઈ પણ જાતની રોડ સુવિધા નથી આપી રહ્યું તો વરોડ મુકામે આવેલ ટોલ ટેક્સ કાઢી નાખવામાં આવે તેવી પ્રબળ લોકમાંગ ઉઠવા પામી છે. વળી આ તકલાદી રોડ પર થી વાહનની અવરજવર કરતા વાહનો ની હાલત પણ ખરાબ થઈ જાય છે. આ રોડ પર થી વાહનની અવરજવર વધારે થતી હોય તો વાહનનો મેન્ટેનન્સ ચાર્જ પણ વધી જાય છે. આવા સવાલો ને લઈ અવરજવર કરતા મુસાફરો દ્વારા રોડ સારી ગુણવત્તાનો આપો અથવા ટોલ ટેક્સ નાકુ વરોડ મુકામે થી હટાવે તેવી લોકમાંગ પ્રબળ બનવા પામી છે.

# ૧૬ વર્ષની સગીરાને ભગાડી જનાર આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા

લુણાવાડા, મહીસાગર લુણાવાડાના એડીશ્નલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ ચાલી જતા ઈ.પી.કો.કલમ તેમજ પોકસો એક્ટ હેઠળ ગુનામાં તકસીરવાન ઠરાવીને આરોપી નીલેશભાઈ મનસુખભાઈ રાવળને ૨૦ વર્ષની સખત કેદ અને દંડના હુકમનો આદેશ.

કોર્ટ દ્વારા કાનુની સેવા સત્તા મંડળ મહીસાગરને ભોગબનનારને રૂપિયા ત્રણ લાખ વળતર પેટે ચુકવવાનો હુકમ.

આ કેસની વિગત એવી છે કે, મહીસાગર જિલ્લાના સંતરામપુર તાલુકાના નાના અંબેલા ગામના આરોપી નીલેશભાઈ મનસુખભાઈ રાવળ નાઓએ સને ૨૦૨૨માં ૧૬ વર્ષની સગીરાને લલચાવી ફોસલાવી પટાવી ભગાડી જઈ યૌનશોષણ કરેલ હોય આરોપી વિરૂધ્ધ સંતરામપુર પોલીસ સ્ટેશનમાં પોકસો એક્ટ તેમજ ઈ.પી.કો. કલમ મુજબ ગુનો નોંધાયા બાદ મહીસાગરના એડીશ્નલ સેશન્સ જજની કોર્ટમાં સ્પે.પોકસો. કેસ શરૂ થયો હતો. આરોપી વિરૂધ્ધ સદર કેસ ચાલી જતા અને સરકાર તરફે સરકારી વકીલ જયવીરસિંહ જે. સોલંકીની ધારદાર દલીલોને ગ્રાહ્ય રાખી સ્પે.પોકસો જજ અને એડીશ્નલ સેશન્સ જજ જે.એન. વ્યાસે આરોપી નીલેશભાઈ મનસુખભાઈ રાવળને ૨૦ વર્ષની સખત કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો અને ભોગ બનનારને કાનુની સેવા સત્તા મંડળ મહીસાગરને રૂપિયા ત્રણ લાખ વળતર પેટે ચુકવવાનો હુકમ કર્યો.

# કર્ણાટક વિધાનસભા ચૂંટણીના ઢંઢેરામાં કોંગ્રેસે બજરંગ દળ પર પ્રતિબંધ મૂકવાની વાત કરતા મહીસાગરના લુણાવાડામાં પૂતળા દહન કરવામાં આવ્યું



લુણાવાડા, હાલમાં કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં બજરંગ દળનો મુદ્દો ટોક ઓફ ધી ટાઉન બન્યો છે. કોંગ્રેસે તેના મેનિફેસ્ટોમાં બજરંગદળ પર પ્રતિબંધ મૂકવાનું વચન આપતા વિરોધનો સૂર ઉઠ્યો છે. ત્યારે આજે મહીસાગર બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદે લુણાવાડાની લુણેશ્વર ચોકડી ખાતે પૂતળાદહન કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરિષદના કાર્યકરો દ્વારા ભારે વિરોધ સાથે સૂત્રોચ્ચાર પણ કર્યા હતા. મહીસાગર બજરંગ દળ અને ટ્ઈંડના કાર્યકર્તાઓએ કોંગ્રેસના પૂતળાનું દહન કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. બજરંગ દળના કાર્યકરોએ મહીસાગરમાં વિરોધ પ્રદર્શન કરી રોષ વ્યકત કર્યો હતો. સાથે જ જય શ્રી રામના નારા પણ લગાવ્યા હતા. કર્ણાટક વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસે તેના મેનિફેસ્ટોમાં બજરંગદળ પર પ્રતિબંધ મૂકવાનું વચન આપતા સમગ્ર દેશમાં સૂર વિરોધનો ઉઠ્યો છે. અને ઠેર ઠેર બજરંગદળ અને વિશ્વ હિન્દુ પરિસદ દ્વારા પૂતળા દહન કરી વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. ત્યારે લુણાવાડા શહેરમાં પણ આજે વિરોધ નોંધાવી પૂતળા દહન કરવામાં આવ્યું હતું.

# સંતરામપુર એસટી ગેટ પાસે દાહોદ કડી બસ બગડી જતા મુસાફરો મુશ્કેલીમાં મુકાયા



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર, સંતરામપુર એસટી ગેટ પાસે બસ તેની નજીક જ દાહોદ કડી બસ ગેટની અંદર પ્રવેશ કરવા જતાં જ બસ બગડી જતા બસની અંદર બેઠેલા મુસાફરો આવી ગરમીમાં પરસેવાથી અને ગરમીમાં મુશ્કેલીમાં મુકાયા રોડની વચ્ચોવચ બસ બગડી જવાથી ટ્રાફિકજામ પણ સર્જાયું અને બસની અંદર કલાકો સુધી બેસી રાખવામાં આવ્યા. ડ્રાઈવર અને બસ કંડક્ટર યોગ્ય વ્યવસ્થા ન કરી જ્યારે આજે મોરવા હડપ તાલુકામાં સુરત-સંતરામપુર બસ રસ્તાની વચ્ચે જ બગડી જતા મુસાફરોની રસ્તામાં ઉતરીને બેસી રહેવાનો વારો આવ્યો. દિન પ્રતિદિન એસટી ડેપો વહીવટ કામગીરીમાં ખોટવાતા મુસાફરોને હાલાકી ભોગવવાનો વારો આવતો હોય છે.

# દાહોદમાં મુથુટ ફિનકોર્પ બ્રાન્ચમાં ખોટા સોનાના દાગીના પર લોન લેતાં ચાર વ્યકિતઓ સામે ફરિયાદ

દાહોદ, દાહોદની ચાર વ્યકિતઓએ એકબીજાની મદદગારીથી પૂર્વ આયોજીત કાવતરૂ ઘડી છેતરપીંડી કરવાના ઈરાદે બનાવટી સોનાના દાગીના ઉપર સોનાનો ઢોળ ચડાવી તેને સાચા દાગીના તરીકે રજુ કરી મુથુટ ફિનકોર્પ બ્રાન્ચ માંથી અલગ અલગ તારીખે અલગ અલગ દાગીનાઓ ઉપર કુલ રૂા. ૨૫.૫૫ લાખ ઉપરાંતની લોનો લઈ તે લોનોની રકમ ભરપાઈ ન કરી ફાઈનાન્સ કંપની સાથે છેતરપીંજડી કર્યાનું જાણવા મળ્યું છે.

દાહોદ ગોવિંદનગર, કુષ્ણનગર સોસાયટીમાં રહેતા ભાવીન પ્રવિણ ચંદ્ર શીંદે, વૃંદાવન સોસાયટીમાં રહેતા જીગરભાઈ અશ્વીનભાઈ પંડ્યા, ગોવિંદનગર, મધુરમ સોસાયટીમાં રહેતા મયુરભાઈ અરવીંદભાઈ સોની તથા દાહોદ પંચમુખી મંદીર સામે રોહીણી એપાર્ટમેન્ટટમાં રહેતા જીતેશકુમાર સુરેશકુમાર ભાટીયા એમ ચારે જણાએ તા. ૪-૮-૨૦૨૦ થી તા.૨૯-૮-૨૦૨૦ દરમ્યાન એકબીજાની મદદ ગારીથી પૂર્વ આયોજીત કાવતરૂ ઘડી ઈરાદાપૂર્વક છેતરપીંડી કરવાના ઈરાદે બનાવટી સોનાના દાગીના ઉપર સોનાનો ઢોળ ચડાવીને કંપનીમાં સાચા દજાગીના તરીકે રજુ કરી તેઓના દાગીના બનાવટી છે, તે વાતની ખાતરી હોવા છતાં ઓરીજનલ દાગીના હોવાનું કહી દાહોદ બસ સ્ટેશન પાસે મુથુટ ફિનકોર્પ બ્રાન્ચ માંથી અલગ અલગ તારીખ અને અલગ અલગ દાગીનાઓ પર કુલ ૧૨ લોનો પેટે કુલ રૂપિયા ૨૫,૫૫,૪૩૧ની માતબર રકમ મેળવી લીધા બાદ થયેલ કરાર મુજબ સદર લોનની રકમ નહી ભરી કે ઓરીજનલ દાગીના નહીં આપી ફાઈનાન્સ કંપની સાથે છેતરપીંડી વિશ્વાસઘાત કર્યો હતો. ઉપરોક્ત ચારે જણા લોનના રૂપિયા ભરી દેશે તે આશયથી સદર ફાઈનાન્સ કંપનીના અધિકારી દાહોદ, ગોધરારોડ, નરસીંહ કોલોની, મુનલાઈન સ્ટુડીયોની પાછળ રહેતા બળવંત ઓમકાર કુશવાહે જે તે સમયે પોલીસમાં ફરિયાદ આપી ન હતી પરંતુ ઉપરોક્ત ચારે જણાએ લોનની રૂપિયાની ભરપાઈ ન કરી ઓરીજનલ દાગીના પણ ન જમા કરાવતા આખરે આ મામલે પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે આ સંદર્ભે દાહોદના ઉપરોક્ત ચારે જણા વિરૂદ્ધ છેતરપીંડી તથા વિશ્વાસઘાતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીયાના મોટીઝરી ગામે કુવા માંથી મહિલાનો મૃતદેહ મળતાં ચકચાર

દાહોદ, દાહોદ જીલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના મોટીઝરી ગામેથી એક પાણીવાળા કુવામાંથી એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે. ઘટનાને પગલે પોલીસે તપાસનો ધમધમાટ આરંભ કરી મહિલાની ઓખળ છતી કરવાનો પ્રયાસો હાથ ધર્યા છે.

ગત તા.૦૩ એપ્રિલના રોજ મોટીઝરી ગામે રહેતાં અશોકભાઈ દશરથભાઈ પટેલના તળાવવાળા ખેતરમાં આવેલ પાણીવાળા કુવામાંથી વહેલી સવારના આઠેક વાગ્યાના આસપાસ એક અજાણી મહિલાનો મૃતદેહ મળી આવતાં ઘટના સ્થળે લોકટોળા ઉમટી પડ્યાં હતાં. ઘટનાની જાણ સ્થાનીક પોલીસને કરવામાં આવતાં પોલીસ કાફલો પણ ઘટના સ્થળે દોડી આવ્યો હતો. મૃતક મહિલાના મૃતદેહેને કુવામાંથી બહાર કાઢી નજીકના દવાખાને પીએમ માટે રવાના કરી દેવામાં આવ્યાં હતો. મહિલા ક્યાં ગામની છે ? મહિલા અહીં કેવી રીતે આવી પહોંચી ? તેને આત્મહત્યા કરી દે પછી તેની કોઈકે હત્યા કરી નાંખી ? વિગેરે જેવા અનેક સવાલો સાથે સ્થાનીક પોલીસે તપાસ હાથ ધરી છે.

આ સંબંધે અશોકભાઈ દશરથભાઈ પટેલે પીપલોદ પોલીસ મથકે જાણ કરતાં આ સંબંધે પોલીસે અકસ્માત મોતના ગુનાના કાગળો કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિરપુર, બાલાસિનોર અને ખાનપુર તાલુકાના ખેડુતોના ઉનાળુ પાકને મોટુ નુકસાન

લુણાવાડા, સુજલામ સુફલામ કેનાલમાં સિંચાઈનુ પાણી બંધ કરાતા વિરપુર, બાલાસિનોર અને ખાનપુર તાલુકાના ખેડુતોના ઉનાળુ પાકને મોટુ નુકસાન થઈ રહ્યુ છે. આ અંગે ખેડુત મિત્રોના જણાવ્યાનુસાર સુજલામ સુફલામ કેનાલમાં પાછલા કેટલાય દિવસથી પાણી બંધ થઈ જતા ત્રણ તાલુકાના ખેડુતો પરેશાની ભોગવી રહ્યા છે. સતત બંને કાંઠે વહેતી સુજલામ સુફલામ કેનાલના કારણે ચાલુ સાલે ખેડુતોને ઉનાળુ પાકનુ મોટા પાયે વાવેતર કરેલ છે. પરંતુ પાછલા કેટલાય દિવસથી પાણી ન છોડાતા ખેડુતોને માથે આફત આવી પડી છે. જો સમયસર પાણી નહિ આવે તો ખેડુતોને ઉાળુ પાકમાં બાજરી, મકાઈ, મગ, લીલો ઘાસચારો, શાકભાજી સહિતના પાકમાં મોટુ નુકસાન વેઠવાનો વારો આવી શકે તેમ છે. જયારે ત્રણેય તાલુકાના ખેડુતોની માંગણી છે કે, ઝડપી સુજલામ સુફલામ કેનાલમાં પાણી ચાલુ કરવામાં આવે તેવી માંગ છે.

# સોનાના ભાવમાં મોટો ઉછાળો, તોફાની તેજી સાથે ઑલટાઈમ હાઈ ૬૨ હજાર સુધી પહોંચ્યા

અમદાવાદ, હાલ લગ્નની સિઝન જોરમાં છે એવામાં સોનાના ભાવની સપાટીએ અસામાનની સફરે પહોંચી છે. સોનાના ભાવ ૬૩ હજાર નજીક પહોંચવા આવ્યા છે. હાલ એવી પરિસ્થીતી સર્જાઈ છે કે સોનાનું લોકોને ખરીદવું તો હશે પણ તેના ભાવ સાંભળી લોકોના હાજા ગગડી જાય તેવી પરિસ્થિતિ સર્જાઈ છે.

સોનાના ભાવે આજે તમામ રેકોર્ડ તોડી અત્યાર સુધીની ટોચ પર પહોંચ્યા છે. જો આજે અમદાવાદ જીલ્લામાં સોનાના ભાવની વાત કરવામાં આવે તો તોફાની તેજી સાથે ભાવ ઓલ ટાઈમ હાઈ ૬૨,૨૩૦ પર પહોચ્યા છે. બીજી તરફ ચાંદીમાં પણ ઉછાળો આવ્યો છે અને ચાંદી ૭૫,૨૮૨ રૂપિયા પ્રતિ કિલોના સ્તર પર છે.

આજે અમદાવાદમાં ૨૨ કેરેટ સોનાનો ભાવ ૫,૭૦૫ રૂપિયા પ્રતિ ગ્રામ છે. એટલે કે અમદાવાદમાં ૨૨ કેરેટના એક તોલા સાનાનો ભાવ ૫૭,૦૫૦ રૂપિયા જોવા મળી રહ્યો છે. જ્યારે ૨૪ કેટેર સોનું અમદાવાદમાં ૬,૨૨૩ રૂપિયા પ્રતિ ગ્રામ છે. એટલે કે ૧૦ ગ્રામ સોનાનો ભાવ ૬૨,૨૩૦ રૂપિયાએ પહોંચ્યો છે. એટલું જ નહીં વિશ્વબજારનો માહોલ જોતાં આગામી સમયમાં પણ સોનાના ભાવ હજુ વધારો યથાવાત રહે તેવું જાણવા મળી રહ્યું છે. દિવાળી સુધીમાં સોનાના ભાવ રૂ.૭૦ હજાર થાય તેવી નિષ્ણાંતોએ ભવિષ્યવાણી કરી છે. જ્યારે ચાંદીનો ભાવ રૂ.૮૫ હજાર થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.

# દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના બોરિયાલા ગામની ૧૯ વર્ષીય યુવતી ગુમ થતાં પિતાએ પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી

ગરબાડા, ગરબાડા તાલુકાના બોરિયાળા ગામના ગુંદરા ફળિયાની રહેવાસી જેમિકાબેન નરેશભાઈ ચંદુભાઈ ગત તારીખ ૨૧/૦૩/૨૦૨૩ ના રોજ પોતાના ઘરે થી સાંજના સમયે કોઈને કંઈ પણ કહ્યા વગર પોતાના ઘરેથી નીકળી ગઈ હતી અને ત્યાર પછી પરત ના ફરતા જેમિકાબેન પરમારના પિતા નરેશભાઈ ચંદુભાઈએ પોતાની પુત્રી ઘરેથી નીકળી ગઈ હતી. તેની આસપાસ તેમજ સગા સંબંધીઓમાં તપાસ કરતા ન મળી આવતા તારીખ ૦૩/૦૫/૨૦૨૩ નારોજ ગરબાડા પોલીસ મથકે જાણવા જોગ ફરિયાદ નોંધાવી હતી.

# આપની આજ.......

મેષ : આજે આજુબાજુનું વાતાવરણ અનુકુળ રહેશે. ઘર અને કામ પ્રત્યે ગંભીર રહેશો, સમય પૂર્વે અધૂરા કાર્યો પૂરા કરશો પરંતુ પૈસા કે અન્ય લાભની રાહ જોવી પડી શકે છે. ક્ષેત્રમાં તમારી કુશળતાની પ્રશંસા કરવામાં આવશે.

વૃષભ : અવિવાહિતો માટે માગા આવશે. અન્યનો સહકાર લેશો. પારિવારિક જીવનમાં મતભેદ રહેશે. રોજગારીની દિશામાં તમને સફળતા મળશે. પ્રેમ જીવનમાં તમને ભેટો અને સન્માન મળશે.

મિથુન : આજે ભાગદોડ રહેશે. ગીચ સ્થળોએ જવાનું ટાળો અને આજે પૈસા સંબંધિત કામો પૂર્ણ કરશો. વિદ્યાર્થીઓ બપોર સુધી અભ્યાસ માટે ગંભીર રહેશે, પછી ચંચળતા રહેશે.

કર્ક : આજનો દિવસ તમને જૂની મહેનતનું ફળ આપશે. તમારા સારા સંબંધોથી લાભની શક્યતાઓ ઊભી થશે. તમે બપોર સુધી ધંધાથી વિપુલ પ્રમાણમાં નફો મેળવવામાં સમર્થ હશો, પરંતુ આજે નવા કાર્યોમાં રોકાણ ના કરો, નહીં તો અડચણ આવી શકે છે. ઘરના કામમાં વ્યસ્તતા રહેશે.

સિંહ : આજનો દિવસ તમને પ્રતિકૂળ પરિણામ આપશે. સવારથી જ કામ કરવામાં શારીરિક અને માનસિક અસમર્થતા રહેશે. વારાફરતી બે વિષયોમાં ભટકવાના કારણે મન મૂંઝવણમાં રહેશે.

કન્યા : દૈનિક કાર્ય સામાન્ય ગતિએ ચાલુ રહેશે. ક્ષેત્રમાં વિલંબને કારણે વ્યવસાયની ગતિ ધીમી રહેશે. અધૂરું કામ હજુ અટકી જવાની સંભાવના છે. બપોર પછી મન ભટકવાનું શરૂ કરી શકે છે.

તુલા : આ દિવસે તમને અધૂરા કામ પૂરા કરવાની ઉતાવળ થશે. કેટલાક કાર્યો પણ ઉતાવળમાં થશે, તે ધ્યાનમાં રાખો. કાર્યક્ષેત્રમાં તમારી ભૂલનો ગુસ્સો બીજા પર ઉતારી શકો છો. સાંજે સંપત્તિની ઈચ્છા પૂર્ણ થશે.

વૃશ્ચિક : આજે પણ દિવસ પ્રતિકૂળ રહેશે. કેટલાક કામ વિચારપૂર્વક કરો. કામમાં ઉતાર-ચઢાવ આવશે. એક ક્ષણમાં ધનલાભ થવાની સંભાવના રહેશે, આગલી ક્ષણે નફાને નુકસાનમાં ફેરવીને હતાશા થઈ શકે છે.

ધનુ : આજે તમે તમારા કામથી પરેશાન થશો. સંજોગો અનુકૂળ નહીં થતાં મનમાં ઉદાસી રહેશે. બપોરે પછી જૂના મિત્રની મુલાકાત થશે. લોકડાઉનને કારણે કાર્યક્ષેત્રમાં આર્થિક મંદીનો સામનો કરવો પડી શકે છે.

મકર : આજે ઘરની પરેશાનીને લીધે મન પરેશાન થઈ શકે છે. પરિવારના સભ્યો તમારો પક્ષ લેવાનું ટાળશે. કાયમી મિલકત સંબંધિત કામ ઉતાવળ અથવા ભાવનાત્મકતામાં ના કરો, નહીં તો પછીથી મુશ્કેલી આવી શકે છે.

કુંભ : આજના દિવસનો મોટાભાગનો સમય શાંતિથી વિતાવશો, પરંતુ પારિવારિક સમસ્યાઓથી પરેશાની થઈ શકે છે. ધંધામાં ફળ મળતા વિલંબ થશે, પૈસા માટે લાભની રાહ જોવી પડી શકે છે.

મીન : આજે માનસિક ચંચળતાને લીધે સારા-ખરાબ કામનો વિવેક ઓછો રહેશે. વિચાર કર્યા વિના બોલવું નહીં, ભારે થઈ શકે છે. આજે કાર્ય વ્યવસાયથી લાભ મળશે, સખત મહેનત પણ કરવી પડશે. નોકરીમાં રહેલા લોકો હળવા મૂડમાં રહેશે પરંતુ ઘરના કામના ભારણને લીધે તે કરી શકશો નહીં.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## “દબાણ” મુક્ત દાહોદ

# દાહોદમાં પ્રથમ વખત કોઈની શેહશરમ વિના દબાણ હટાવ ઝુંબેશ શરૂ : દેસાઈવાડ થી ગોધરા રોડ સુધી દબાણોનો સફાયો

દાહોદ,

દાહોદ શહેરમાં જે તે સમયે પરિસ્થિતિ એવી હતી કે, શહેરમાં રોડ એટલા ખુલ્લા હતા અને જેમ જેમ સમય પસાર થતો ગયો તેમ તેમ શહેરમાં લોકો પોતાની મનસ્વી રીતે થોડું થોડું દબાણ કરતા ગયા અને અધિકારીઓથી લઈ કર્મચારીઓ પણ આ બધું જોઈ રહ્યા હતા, પણ કોઈ પણ પગલાં લીધા નહી હવે આજે આવી પરિસ્થિતિ આવી કે દાહોદ નગરમાં ઠેર ઠેર દબાણોનો રાફડો ફાટી નીકળ્યો છે.

નગર પાલિકા દ્વારા પણ આડેધડ બગીચા અને પોતાનું સારૂં દેખાડવા દબાણ કરી દીધા હતા. જે આજે તે પણ તોડી પાડવામાં આવ્યા છે.

“ન જાણ્યુ જાનકીનાથે સવારે શું થવાનુ છે“

શહેરીજનો સવારે જાગ્યા જ હતા ને દાહોદમાં વર્ષો જૂના દબાણોનો સફાયો કરવાની કામગીરી સવારે ૬ વાગ્યાથી શરૂ કરવામા આવી હતી. જેથી શહેરમાં ઉત્તેજના અને ફફડાટ ફેલાઈ ગયો હતો. નગરપાલિકા તેમજ વહીવટી તંત્રની ઉપસ્થિતિમાં સ્માર્ટ સિટી અંતર્ગત આ દબાણો તોડવાની કામગીરી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ગોધરારોડથી શરૂ કરવામા આવી છે.

માપણી બાદ માર્કિંગ કરી નોટીસો પાઠવી દેવામાં આવી છે. દાહોદ શહેર સ્માર્ટ સિટી તરફ આગળ વધી રહ્યું છે. થોડા દિવસો પહેલા તંત્ર દ્વારા દાહોદ શહેરમાં સ્માર્ટ સિટીના અધિકારીઓથી લઈ દાહોદ વહીવટી તંત્ર દ્વારા દાહોદ શહેરમાં દબાણોની માપણી પણ કરવામાં આવી હતી. માપણી થયા પછી રસ્તામાં આવતા દબાણો ઉપર માર્કિંગ પણ કરવામાં આવ્યું હતું. માર્કિંગ કર્યા પછી દબાણ દૂર કરવા માટે નોટિસો પણ આપવામાં આવી હતી.






તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

પાલિકા, મામલતદાર, સીટી સર્વેની ટીમ પોલીસ કાફલા સાથે ઉતરી પડી. ત્યારે નોટિસો આપ્યા બાદ આજ રોજ વહેલી સવારથી સ્માર્ટ સિટીના અધિકારીઓ, દાહોદ નગરપાલિકાના અધિકારીઓ, કર્મચારીઓ, દાહોદ એસ.ડી.એમ., એ.એસ.પી., પી.આઈ., પી.એસ.આઇ., સહિતની ટીમનો કાફલો પાંચ જેસીબી મશીનો સાથે ગોધરા રોડ પર ઉતરી ગયો હતો.સવારથી જ દબાણ દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. દાહોદ શહેરના ગોધરા રોડ થી શરૂ કરવામાં આવેલી આ દબાણ હટાવ કામગીરી દેસાઈવાડ છાબ તળાવ, ગોધરા રોડ થી લઈ ભરવાડવાસથી મુવાલિયા ક્રોસીંગ સહિતના વિસ્તારોમાં ગેરકાયદે દબાણો જેસીબી મશીનથી તોડી પાડવામાં આવ્યા હતા. આ ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો હતો. કેટલાક લોકો સ્વેચ્છાએ પોતાના ગેરકાયદે દબાણો દૂર કરવામાં લાગી ગયા હતા.

### ગોધરારોડ બાદ ગોદીરોડનો વારો આવશે?

દાહોદમાં સ્માર્ટ રોડ બનવા જઈ રહ્યા છે. જેના પગલે રસ્તાઓની આજુબાજુ આવેલા ગેરકાયદે દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. ત્યારે આગામી દિવસોમાં આ ગેરકાયદે દબાણો હટાવવાની કામગીરી કયા વિસ્તારમાં શરૂ કરવામાં આવશે તેની ઉપર સૌ કોઈની મીટ મીંડાયેલી છે. ગોધરા રોડની કામગીરી પૂર્ણ થયા બાદ ગોદી રોડ પર દબાણ હટાવ કામગીરી શરૂ કરવામાં આવનાર હોવાનું વિશ્વસનીય સૂત્રો દ્વારા જાણવા મળ્યુ છે, પરંતુ પરિસ્થિતિ અનુસાર ફેરફાર પણ થઈ શકે છે.

# જીલ્લા સેવા સદન ખાતે કલેકટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સુન મિટિગ યોજાઈ

દાહોદ,

જીલ્લા સેવા સદન ખાતે કલેક્ટર ડો. હર્ષિત ગોસાવીની અધ્યક્ષતામાં પ્રિ-મોન્સુન મિટિગ યોજાઈ હતી. કલેક્ટરએ ઉપસ્થિત તમામ સલગ્ન વિભાગના અધિકારીઓને ચોમાસા અગાઉની કામગીરી સઘન રીતે પૂર્ણ કરવા જણાવ્યું હતું અને રસ્તાઓના સમારકામ, જર્જરિત ઈમારતો, બચાવ તેમજ રાહતકાર્ય માટેના સાધનો બાબતે જરૂરી સૂચનાઓ આપી હતી.




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આજે યોજાયેલી બેઠકમાં કલેક્ટર ડો. ગોસાવીએ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન ગામ તથા તાલુકા લેવલના સમયમર્યાદામાં મોકલી આપવા જણાવ્યું હતું. તાલુકા કક્ષાએ આશ્રય સ્થાન, રેસ્કયુ ટીમ, મેડીકલ ટીમ, બચાવ ટીમ નક્કી કરી લેવાના રહેશે. બચાવ માટેના સાધનો, દવાઓનો જથ્થો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે કે નહીં તે ચેક કરી લેવા જણાવ્યું હતું. ચોમાસા દરમિયાન વીજ પુરવઠો ખોરવાઇ નહીં તેમજ ખુલ્લી અને ભયજનક લાઇનોની ચકાસણી કરી દૂર કરવા માટે સૂચના અપાઈ હતી.

જીલ્લામાં વરસાદ સમયે વૃક્ષ પડવા જેવી, રસ્તાઓ ઉપર ખાડા પડવા, પાણી ભરાવા કે કોઈ પણ આકસ્મિક ઘટના માટેની તૈયારી રાખવા કલેક્ટરએ જણાવ્યું હતું. ગટરો, નાળા, નહેરોની સાફ સફાઈ નિયત સમયમર્યાદામાં કરવા, નગરપાલિકા કક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ પુર જેવી ઘટનાઓ સામે મોકડ્રીલ યોજવા, રોગચાળો ન ફેલાય તે માટેની વ્યવસ્થા કરવા જણાવ્યું હતું. પૂર વાવાઝોડા સમયે એનડીઆરએફ સહિતની ટીમોના બંદોબસ્ત સહિતની બાબતોની સમીક્ષા કરાઈ હતી.

જીલ્લાના નાગરિકો ચોમાસા દરમિયાન કોઇ પણ આકસ્મિક સ્થિતિ સામે ડિસ્ટ્રીક્ટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ફોન નં. ૦૨૬૭૩– ૨૩૯૨૭૭, ૦૨૬૭૩– ૨૩૯૧૨૩ તેમજ ૧૦૭૭ ઉપર ફોન કરીને મદદ મેળવી શકશે.

જીલ્લા વિકાસ અધિકારી ઉત્સવ ગૌતમે જણાવ્યું કે, ગત પાંચ વર્ષ દરમિયાન ચોમાસામાં બનેલી આકસ્મિક ઘટનાઓનું પુનરાવર્તન ન થાય એ માટે અત્યારથી જ એ બાબતોની સમીક્ષા કરી લેવી. તેમજ ગટરના પાણી સ્વચ્છ પાણીની પાઈપ સાથે જોડાઇ ન જાય તેનું ખાસ ધ્યાન રાખવા તેમણે જણાવ્યું હતું.

બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર એ.બી. પાંડોર, ડીઆરડીએ નિયામક સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# ફતેપુરાની ડુંગરા ગ્રામ પંચાયતમાં નાણાંપંચ સહિતની ગ્રાન્ટો માંથી ભ્રષ્ટાચારનો ડુંગર ઉભો કર્યો : તલાટી વિરૂદ્ધ ગામલોકોની મોટીરાળ

દાહોદ,

ફતેપુરા તાલુકામાં ખરેખર ભ્રષ્ટાચારની બૂમરાણ એટલી બધી વધી છે કે, સરકારે સ્પેશિયલ ભ્રષ્ટાચાર નિવારણ કચેરી ખોલવી પડે તેવી સ્થિતિ છે. હજુ તો મનરેગાના તત્કાલીન એપીઓ વિરૂદ્ધની બૂમરાણ શાંત પડી નથી ને હવે ગ્રામ પંચાયતના વિકાસના કામોમાં ભ્રષ્ટાચારનો રાફડો હોવાની ફરિયાદ થઈ છે. ડુંગરા ગ્રામ પંચાયતના તલાટીએ સરકારી યોજનાના નામે કેવો ભ્રષ્ટાચાર કર્યો તેની વિગતવાર અરજી થઈ છે. તલાટી સુરેશભાઈએ નલ સે જલ યોજના યથાવત છતાં નાણાંપંચ હેઠળ તેનો ખર્ચ પાડી નાણાં ઉઠાવ્યા છે. આટલુ જ નહિ, કામ એક અને ખર્ચ ત્રણ યોજનામાં કર્યો હોવાનું પણ ગામલોકો જણાવી રહ્યા છે. સમગ્ર મામલે તલાટીને પૂછતાં પછી વાત કરૂં કહીને ફોન કટ કર્યો હતો.

દાહોદ જીલ્લાના ફતેપુરા તાલુકાના ડુંગરા ગ્રામ પંચાયતના તલાટી સુરેશ તાવિયાડ અને માજી મહિલા સરપંચે મસમોટો ભ્રષ્ટાચાર કર્યો હોવાનું ખુદ ગ્રામજનોએ લેખિત ફરિયાદમાં જણાવતાં ખળભળાટ મચી ગયો છે. નાણાંકીય વર્ષ ૨૦૨૧થી ૨૦૨૩–૨૪ દરમ્યાન ૧૪ માં નાણાપંચની ગ્રાન્ટમાંથી તલાટી કમ મંત્રી સુરેશભાઈ તાવિયાડ અને માજી સરપંચ સુમિત્રાબેન પારગી તેમજ કેટલાક સમય દરમ્યાન વહીવટદાર કટારાએ મળી સી.સી.રોડ, મિની એલઆઇ, બોરવિથ મોટર સહિતના કામોમાં ભયંકર હદે ભ્રષ્ટાચાર આચર્યો હોવાનું ડીડીઓને જણાવ્યું છે. જેમાં કેટલાક કામો સ્થળ ઉપર જ નથી તેમજ અમુક કામો આગળની અન્ય ગ્રાન્ટોમાંથી કરી ગેરરીતિ આચરી હોવાનો આક્ષેપ કર્યો છે.ખોટા કામો બતાવી સરકારી નાણાંનો મોટાપાયે ભ્રષ્ટાચાર કર્યો હોવાનું ગામલોકોએ જણાવતાં દોડધામ મચી ગઇ છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, ગામલોકોએ ફરીયાદ અરજીમાં માંગ કરી છે કે, સદર કામોની નોટ ફ્રેમ કેમેરા આધારે સ્થળ તપાસ થાય તો ઘટસ્ફોટ થાય તેમ છે. ગ્રામ સભામાં કરેલ ઠરાવ, ગ્રામ પંચાયતના મિલકત રજીસ્ટર પર નોંધ, એન્ટ્રી, પંચક્યાશ, માલસામાનના બિલો બિલો, ટેક્ષ ભરપાઇ કર્યો છે કે કેમ તે સહિતની સંપૂર્ણ નિષ્પક્ષ તપાસ કરવા તંત્રને આજીજી કરી છે. પારદર્શક તપાસ બાદ રિપોર્ટમાં મળી આવે તે મુજબ કાયદેસરની કાર્યવાહી કરી યોગ્ય પગલાં ભરવા તેમજ ભ્રષ્ટાચારમાં સંડોવાયેલ તમામ લોકો વિરૂદ્ધ ગુનો દાખલ કરવાની માંગ કરી છે. ગ્રામજનો જેટલા વિશ્વાસથી જણાવી રહ્યા અને જે રીતે અરજી આપી તે જોતાં તલાટી સુરેશ તાવિયાડની કામગીરી શંકાસ્પદ બની છે.

# દાહોદ જીલ્લામાં કમોસમી વરસાદથી ખેડુતોમાં ચિંતા

દાહોદ,

દાહોદ શહેર સહિત જીલ્લામાં આજરોજ બપોર બાદ વાદળછાયા વાતારવણ વચ્ચે અચાનક વાતાવરણમાં પલ્ટો આવતાં જીલ્લાના કેટલાંક તાલુકાઓમાં વેસ્ટર્ન ડિસ્ટર્બ અને સરક્યુલેશનની અસરના કારણે કમોસમી વરસાદ પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી જવા પામી હતી. બીજી તરફ કમોકસમી વરસાદને પગલે ખેડુતોમાં ચિંતાના વાદળો પણ છવાઈ ગયાં છે બીજી તરફ ગરબાડા તાલુકાના નવાગામ ખાતે વાવાઝોડાને પગલે એક વૃક્ષ ધરાશાઈ થઈ જતાં એક પશુનું મોત નીપજ્યાનું પણ જાણવા મળે છે.

ભર ઉનાળે અને કાળઝાળ ગરમી વચ્ચે દાહોદ જીલ્લાના વાતાવરણમાં અચાનક પલ્ટો આવી રહ્યો છે. વેસ્ટર્ન ડિસ્ટર્બના અને સરકયુલેશનના અસરના કારણે વાતાવરણમાં અચાનક પલ્ટો આવતો હોવાનું હવામાન વિભાગ દ્વારા કહેવાઈ રહ્યું છે. ત્યારે આજરોજ બપોર બાદ અચાનક પવનના સુસવાટા સાથે, આકાશી વીજવીઓ સાથે કડાકા અને ધડાકા સાથે ભરઉનાળામાં ચોમાસા જેવો અહેસાસ થયો હતો. દાહોદ શહેર સહિત ઝાલોદ, ફતેપુરા, સંજેલી, દેવગઢ બારીઆ, ગરબાડા જેવા વિસ્તારોમાં તેમજ અન્ય ગ્રામીણ વિસ્તારોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. ભર ઉનાળે કમોસમી વરસાદ પડતાં વાતાવારણમાં ઠંડક પ્રસરી હતી. ગરમીથી મહદઅંશે લોકોને રાહત મળી હતી. કમોસમી વરસાદને પગલે દાહોદની એપીએમસીનો અનાજનો જથ્થો પણ પલળી જવા પામ્યો હતો. એપીએમસીમાં વેપારીઓ અને કામદારોમાં અનાજનો જથ્થો પલળતા બચાવવા માટે દોડધામના દ્રશ્યો પણ સર્જાયા હતા. ત્યારે બીજી તરફ ગરબાડા તાલુકાના નવાગામ ખાતે વાવાઝોડાને પગલે એક મહુડાનું વૃક્ષ ધરાશાઈ જતાં આ વૃક્ષની નીચે ગામમાં રહેતાં ભાભોર મકનસિંહ કેશવાભાઈના બળદને વૃક્ષની નીચે બાંધવામાં આવ્યા હતો. આ વૃક્ષ ધરાશાઈ થતાં બળદ વૃક્ષ નીચે દબાઈ ગયો હતો અને તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ ગામના સરપંચ અને તલાટીને કરવામાં આવતાં તેઓ દ્વારા જરૂરી તપાસ કરી પંચક્યાસ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# નગરપાલિકા દાહોદ આયોજીત ક્રિકેટ ટુર્નામિન્ટનું આયોજન કરાયું



દાહોદ,

ઈન્ટર સ્કૂલ ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૨૩નું સોજન્ય નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં Newstok24, સિંધુ ઉદય અને વંદેમાતરમ ન્યૂઝ મીડિયા પાર્ટનર તરીકે જોડાયા હતા. કાર્યક્રમ પ્રસંગે દાહોદ નગર પાલિકા રમત ગમતના ચેરમેન ફાતેમાબેન કપૂર એ જણાવ્યું હતું કે, પ્રત્યેક રાષ્ટ્ર અને વ્યકિતના જીવનમાં ઘડતર તથા કેળવણીમાં રમત–ગમતનું અનેરૂં મહત્વ રહેલું છે. શાળાના બાળકોને પ્રેરણા થકી અને તેમની આંતર શક્તિ બહાર આવે એના માટે આ ક્રિકેટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમજ તેમને જણાવ્યું હતું કે, દાહોદ નગર પાલિકાના ઉત્સાહી પ્રમુખ રીનાબેન પંચાલ આ ટુર્નામિન્ટ માટે ખૂબ સહકાર આપી આયોજનને સફળ બનાવી છે. આ ક્રિકેટ સ્પર્ધામાં ખિલાડીઓને પ્રોત્સાહિત કરવા સ્પર્ધાના ઉદઘાટક તરીકે દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, નગરપાલિકા પ્રમુખ રીનાબેન પંચાલ, પક્ષના નેતા રાજેશ શેતાઈ, સુધીર લાલપુરવાળા ઉપસ્થિત રહ્યા હતા અને ઉદઘાટન કરી દીપ પ્રાગટ્ય પછી ટોસ ઉછાળી મેચની શરૂઆત કરવામાં આવી હતી. આ ટુર્નામિન્ટ બે દિવસ ચાલશે, જેમાં ૮ શાળાના વિદ્યાર્થિની ટીમો એ ભાગ લીધો છે.

# દિશા સમિતિની સમીક્ષા બેઠક સાંસદ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં યોજાશે

દાહોદ,

ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો. ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ કમિટિની સમીક્ષા બેઠક સાંસદ અને દિશા સમિતિના અદયક્ષ જસવંતસિંહ ભાભોરની અધ્યક્ષતામાં યોજાશે. આ બેઠક આગામી શનિવાર તા. ૬ મે ના રોજ સવારે ૧૦ વાગેથી જીલ્લા સેવા સદન ખાતે આવેલા સભાખંડમાં યોજાશે. બેઠકમાં વિવિધ યોજનાઓ અંતર્ગત થયેલી કામગીરીની સમીક્ષા કરવામાં આવશે.

# ઝાલોદ તાલુકાના મીરાખેડી મુકામે બસ અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાતા બાઈક ચાલકનું મોત

ઝાલોદ,

ઝાલોદ તાલુકાના મીરાખેડી મુકામે સંજેલી થી દાહોદ જતી એસ.ટી. બસ જેનો નંબર જીજે.૧૮.ઝેડ.૫૭૪૯ ના ચાલક ડ્રાઈવર તેની બસ પૂર ઝડપે અને ગફલતભરી રીતે હંકારી મોટર સાયકલ જીજે.૨૦.એઈ.૭૯૩૩ ઝાલોદ તરફ આવતી મોટર સાયકલ હોન્ડા સાઈન ચાલકને અડફેટે લીધી હતી. મોટર સાયકલ ચાલકને મોઢાના ભાગે તેમજ માથામાં ગંભીર ઈજાઓ થતાં તેનું મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જાતા બસ ચાલક બસ છોડીને નાશી ગયેલ હતો. આ અંગે અજાણ્યા બસ ચાલક પર લીમડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવામાં આવશે.

# દાહોદમાં ૨૦,૦૦૦ કરોડના ખર્ચે આકાર પામી રહેલા રેલવે પ્રોડક્શન યુનિટની પશ્ચિમ રેલવેના મહાપ્રબંધકે નિરીક્ષણ હાથ ધર્યું

દાહોદ,

દાહોદમાં ૨૦,૦૦૦ કરોડના ખર્ચે આકાર પામી રહેલું વડાપ્રધાન મોદીનું ડ્રીમ પ્રોજેક્ટ રેલવે પ્રોડક્શન યુનિટના નિરીક્ષણ અર્થે આવેલા પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર રેલવે બોર્ડના સદસ્ય કામ કરનાર એજન્સીના અધિકારીઓ પદાધિકારીઓ રતલામ મંડળના ડી.આર.એમ તેમજ સંબંધિત વિભાગના અધિકારીઓને સાથે રાખી ૯૦૦૦ એચપી ના લોકો મોટીવ કારખાના સ્થળની મુલાકાત લીધી હતી અને તમામ જોડે વન ટુ વન બ્રિફિંગ કરી સમન્વય રાખી ઝડપથી આ રેલવે પ્રોડક્શન યુનિટનો કાર્ય પૂર્ણ કરવામાં આવે તે માટે બેઠક યોજાઈ હતી.



પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર અશોકકુમાર મિશ્રા ગઈકાલે રતલામ મંડળની મુલાકાતે આવ્યા હતા. તેઓએ ઈન્દોર ખાતે રેલવે બોર્ડના અદ્યક્ષ તેમજ સીઈઓ અનિલ લોહાનીની અદ્યક્ષતામાં રતલામ મંડળના ડીઆરએમ તેમજ નિર્માણ વિભાગના અધિકારીઓ જોડે બેઠક યોજી હતી. જેમાં દાહોદ રેલ પરિયોજના માટે વિસ્તૃત ચર્ચાની સાથે આ રીલ પ્રોજેકટમાં પડતી મુશ્કેલીઓ દૂર કરવા માટે નિર્દેશ પણ આપવામાં આવ્યા હતા. ત્યારે આજરોજ દાહોદમાં ૨૦,૦૦૦ કરોડના ખર્ચે આકાર લેનાર રેલવે પ્રોડક્શન યુનિટના નિરીક્ષણ અર્થે આવ્યા હતા. તેમની સાથે રેલ્વે બોર્ડના સદસ્ય નવીન ગુલાટી, રતલામ તેમજ વડોદરા મંડળના ડીઆરએમ, જીડીએ, સિનિયર ડી.ઓ.એમ, સિનિયર ડી.સી.એમ, સિનિયર ડી.ઈ.ઈ, ડી.એમ.સી, ડિઇએન, ડી.એસ.ટી.એસ, સિનિયર ડીએસપીના અધિકારીઓ, તેમજ પ્રોડકશન યુનિટનું કારખાનું બનાવનાર સિમેન્સ કંપનીના ઉચ્ચ અધિકારીઓને સાથે રાખી સ્થળ વિઝીટ કરી હતી અને કારખાનું બનાવનાર કંપનીના અધિકારીઓ તેમજ રેલવેના સંબંધિત અધિકારીઓ–કર્મચારીઓ વચ્ચે સમનવ્ય રાખી સત્વરે આ કારખાનાનું કામ પૂર્ણ કરવા માટે નિર્દેશો આપવામાં આવ્યા હતા. ત્યારબાદ GM સહિતનો કાફલો, રેલવે કારખાના ખાતે પહોંચ્યું હતું અને કારખાનાની નિરીક્ષણ કરી પડતી મુશ્કેલીઓ અંગે તાગ મેળવ્યો હતો. ત્યાંથી પરત દાહોદ રેલવે સ્ટેશન ખાતે આવેલા પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક અશોક મિશ્રાએ પત્રકારોના સવાલોના જવાબ આપતા જણાવ્યું હતું કે, અમે આજે રેલવે પ્રોડક્શન યુનિટની સ્થળ મુલાકાતે આવ્યા હતા. આ પ્રોજેક્ટ ખૂબ જ ઝડપથી પૂર્ણ કરવા માટે નવીન કારખાનું બનાવનાર કંપનીના અધિકારીઓ તેમજ રેલવેના અધિકારીઓ વચ્ચે સમનવ્ય રાખી દિશા નિર્દેશો આપવામાં આવ્યા હતા.

### GMના દાહોદ આગમનમાં સાંસદની સૂચક ગેરહાજરી : રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિના સદસ્યો પણ ફરક્યા નહીં

પશ્ચિમ રેલવેના મહાપ્રબંધક અશોક મિશ્રા આજે દાહોદની મુલાકાતે આવ્યા હતા. તેમજ તેમની સાથે રેલવે બોર્ડના સદસ્ય તથા રેલવે પ્રોડક્શન યુનિટના નિર્માણ કરનારી સિમેન્સ કંપનીના અધિકારીઓ તેમજ રેલવેના ઉચ્ચ અધિકારીઓ પણ આ નિરીક્ષણમાં સાથે આવ્યા હતા. ત્યારે દાહોદ રેલવે સ્ટેશન પર અંતિમ ક્ષણોમાં ટ્રેનોના પ્લેટફોર્મ બદલવા, દિવ્યાંગ તેમજ અસક્ષમ મુસાફરો માટે લિફ્ટ તેમજ રેમ્પની સુવિધાઓ નો અભાવ, એન્ટ્રી ગેટથી ફૂટઓવર બ્રિજ ખાસ્સો દૂર હોવાથી શોર્ટકટ અપનાવતા મુસાફરો, ગરીબ અને મધ્યમ વર્ગીય તેમજ આસપાસના વિસ્તારો માટે લાઈફ લાઈન ગણાતી મેમુ ડેમો તેમજ વલસાડ ઈન્ટરસિટી જેવી ટ્રેનો બંધ, દાહોદ ઈન્દોર રેલ પરિયોજના સંબંધી, અત્રેથી પસાર થતી મહત્વપૂર્ણ ટ્રેનોના સ્ટોપેજની ફાળવણી સહિતના ઘણા ખરા સળગતાઓ મુદ્દાઓ તેમજ મુસાફરોને પડતી અસુવિધાઓને દૂર કરવા જેવી બાબતોને રજૂઆત કરવા માટે જ્યારે તમામ વિભાગના અધિકારીઓ તેમજ રેલવે બોર્ડ જનરલ મેનેજર સહિતના ઉચ્ચ અધિકારીઓ દાહોદ ખાતે આવતા હોવાથી ઉપરોક્ત તમામ રજૂઆતો માટે આજે અનુકૂળ સમય હોવા છતાં દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોર અથવા તેમનો કોઈ પ્રતિનિધિ ઉપસ્થિત ન રહેતા સાંસદની સૂચક ગેરહાજરીથી તરેહ તરેહની ચર્ચાઓ એ જન્મ લીધો છે. સાંસદની સાથે સાથે રેલવે ઉપભોક્તા સલાહકાર સમિતિના સદસ્યો પણ ફરક્યા ન હોવાના કારણે દાહોદને રેલવે સંબંધી બાબતોની રજૂઆત માટે ચોક્કસથી એક સારી તક ગુમાવી છે. તો બીજી તરફ ગઈકાલે પણ રેલવે પ્રબંધકે ઈન્દોરેલ પ્રયોગના સહિત ડ્રીમ પ્રોજેક્ટ પર બેઠક યોજી હતી તેમાં પણ દાહોદમાંથી કોઈ પ્રતિનિધિ આ બેઠકમાં હાજર રહ્યો નહોતો. જાણવા મળ્યા અનુસાર ઉપરોક્ત બાબતોને લઈ સાંસદ દ્વારા અનેકવાર રજૂઆતો કરવામાં આવી છે પરંતુ હજી સુધી ઉપરોક્ત બાબતોમાં સાંસદ દ્વારા કરેલ રજૂઆતોનો કોઈ સારો પ્રતિસાદ રેલવે દ્વારા મળ્યો નથી માત્ર રજૂઆતો બાબતે આશ્વાસન આપી દાહોદને એકલું મૂકી દીધું હોય અથવા દાહોદ માટે રેલ્વે અછુંતા જેવો વ્યવહાર કરી રહ્યો હોય તેમ હાલના તબક્કે લાગી રહ્યો છે. જોકે રેલવે સંબંધી બાબતોમાં સાંસદ દ્વારા કરેલ રજૂઆતોના પત્ર વ્યવહાર હજી સુધી મીડિયા સમક્ષ જાહેર કરવામાં આવ્યા નથી. આ અગાઉ પણ ઈન્દોર રેલ પરિયોજના સહિત અન્ય બાબતોને લઈ મહાપ્રભાતક તેમજ મળિ દ્વારા સંભવિત રેલ રૂટ ના જીલ્લાના સાંસદો સાથે બેઠકો યોજી છે, પરંતુ તેમાં પણ દાહોદના સાંસદની સૂચક ગેરહાજરી ઘણું બધું કહી જાય છે. શું રેલવે સંબંધી બાબતોમાં દાહોદના સાંસદ જશવંતસિંહ ભાભોરનું પનો ટૂંકો પડે છે અથવા તેમની રજૂઆતોને રેલવે તંત્ર ગંભીરતાથી લેતું નથી. સાંસદ દ્વારા ધારદાર રજૂઆત કરવામાં આવે અથવા રેલવે સંબંધી બાબતોમાં વડાપ્રધાન મોદી હસ્તક્ષેપ કરે તો જ દાહોદને જરૂરિયાત કરતા વધારે સુવિધાઓ પ્રાપ્ત થશે અને દાહોદની રેલવે સંબંધી બાબતોમાં પ્રાથમિકતા આપવામાં આવશે તેમાં કોઈ બેમત નથી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.216

